# રાજ્યના ચાર મહાનગરોમાં કોરેન્ટાઈન દર્દીઓ માટે ઉભી કરાયેલી ખાસ હોસ્પિટલમાં સુવિધા સંદર્ભે સમીક્ષા

**અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતના કલેકટરો, મ્યુનિસિપલ કમિશનરો અને નોડલ અધિકારીઓએ આપી માહિતી**



ગાંધીનગર, તા.૨૭

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે રાજ્યમાં પ્રવર્તી રહેલા કોરોના વાયરસ સંદર્ભે ચાર મહાનગરોમાં કોરોના દર્દીઓ માટે ઉભી કરાયેલી ખાસ હોસ્પિટલોની સુવિધાઓ અંગે આજે વિડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા સમીક્ષા કરી હતી. નાયબ મુખ્યમંત્રીએ રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસ અને તેના સંક્રમણને અટકાવવા માટે જે પગલાં લેવાઈ રહ્યાં છે તેની પણ વિસ્તૃત સમીક્ષા કરી હતી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે જે ખાસ હોસ્પિટલો કાર્યરત કરાઈ છે તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બેડની સંખ્યા, ઓક્સિજનની સુવિધા, વેન્ટિલેટર, માસ્ક, PPE (પર્સનલ પ્રોટેક્ટ ઈક્વિપમેન્ટ) , સેનિટાઈઝર્સ અને આવશ્યક દવાઓના પૂરતી માત્રામાં જથ્થા સંદર્ભે વિસ્તૃત સમીક્ષા કરીને માર્ગદર્શન આપ્યું હતું.

ચારેય મહાનગરોના મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા કલેકટરો સહિત અત્રેથી નોડલ ઓફિસરોની ખાસ નિમણૂક કરાઈ છે જેમાં, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર, શિક્ષણ વિભાગના સચિવ વિનોદ રાવ, મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન કમિશનર એમ. એસ પટેલ અને ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા કે જેઓ ત્યાં રૂબરૂ રોજ-બરોજ સમીક્ષા કરે છે તેની વિસ્તૃત વિગતો આપીને આ તૈયારી અંગે નાયબ મુખ્યમંત્રીને વાકેફ કર્યા હતા. નાયબ મુખ્ય મંત્રીએ આ ચારેય મહાનગર પાલિકાઓમાં કાર્યરત હોસ્પિટલમાં જે અલાયદી વ્યવસ્થા ઊભી કરાઈ છે તેમાં શું શું વ્યવસ્થા છે તેનું કેટલોગ બનાવીને સંભવિત પરિસ્થિતિમાં દર્દીઓને વધુને વધુ સારી સારવાર કેવી રીતે આપી શકાય તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરવા સૂચનાઓ આપી હતી. તેમણે હોસ્પિટલોમાં ૧૪ દિવસના કોરેન્ટાઈનવાળા દર્દીઓની સારવાર માટે કાર્યરત તમામ આરોગ્ય કર્મીઓને પણ પૂરતી તકેદારી રાખવા તથા PPE કિટ સહિતની સુવિધાઓનું અને જે કર્મીઓ સિફ્ટ મુજબ ડ્યુટી કરે છે તેમને ડ્યુટી બાદ પણ એ જ કેમ્પસમાં પૂરતી તકેદારી સાથે સવલતો મળી રહે તેમ પણ ઝીણવટપૂર્વક સમીક્ષા કરી હતી.

તેમણે ઉમેર્યું કે ખાનગી તબીબો પણ પોતાનું કિલનિક રાબેતા મુજબ ચાલુ રાખીને ઓપીડી ચલાવે અને રૂટિનના દર્દીઓની પણ સારવાર કરે અને સહકાર આપે એ માટે અનુરોધ કર્યો છે. આ ઉપરાંત ખાનગી તબીબો સરકારી હોસ્પિટલોમાં પણ સેવાઓ આપે તે માટે પણ અપીલ કરી છે.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ જયંતિ રવિએ કહ્યુ કે રાજ્યના ચારેય મહાનગરોમાં ખાસ હોસ્પિટલો ઉભી કરાઈ છે તેમાં, અમદાવાદમાં ૧૨૦૦ બેડ, સુરતમાં ૫૦૦ બેડ, વડોદરા અને રાજકોટમાં ૨૫૦-૨૫૦ બેડની સુવિધા ઉપલબ્ધ છે. જરૂર પડે તો બેડની સુવિધામાં પણ વધારો કરવાનું આયોજન છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે ચારેય મહાનગરોમાં કલેકટરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરો તથા નોડલ અધિકારીઓએ આ હોસ્પિટલમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે સવિસ્તૃત ચર્ચા કરીને તેનું રોજ-બરોજ મોનિટરિંગ કરવા પણ સૂચના આપી હતી. આ પ્રસંગે આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે, સ્ટેટ કોરોના આર.આર.સી. ડૉ.કમલેશ ઉપાધ્યાય, સિવિલ હોસ્પિટલ અમદાવાદના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. ગુણવંત રાઠોડ, ફૂડ અને ડ્રગ કમિશનર એચ.જી.કોશિયા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયમાં ૩ કરોડ, ૫૦ લાખ, ૬૯ હજાર, ૯૨૬ વ્યક્તિઓનો સર્વે કરાયો

ગાંધીનગર, તા.૨૭

છેલ્લા ૧૨ કલાક દરમ્યાન ગુજરાતમાં કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. ગઈકાલે ૧૧ વ્યક્તિઓના નમુના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જે તમામ નેગેટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિએ આજે સવારે કોરોના અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોરોનાને કારણે જે ત્રણ વ્યક્તિઓના કમનસીબ મૃત્યુ નિપજ્યાં છે એ ત્રણેય દર્દીઓ કૉ-મોર્બીડ એટલે કે અન્ય ગંભીર બીમારીઓ જેવી કે કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર કે અન્ય રોગોથી પીડાતી હતી. એટલું જ નહીં એ ત્રણેય દર્દીઓ મોટી વયના હતા. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આપણા ઘરોમાં વૃદ્ધો- વડીલો હોય તેમણે વિશેષ કાળજી લેવાની આવશ્યકતા છે. ઘરમાં પણ આ વડીલો ક્વૉરેન્ટાઈનમાં રહે એ વિશેષ આવકાર્ય છે.

ડો. શ્રીમતી જયંતી રવિ એ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે કોરોનાના ૪૪ પોઝિટિવ દર્દીઓ છે. જે પૈકી અમદાવાદમાં ૧૫, સુરતમાં ૭, રાજકોટમાં ૫, વડોદરામાં ૮, ગાંધીનગરમાં ૭ અને ભાવનગર તથા કચ્છમાં એક-એક પોઝિટિવ દર્દીઓ છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ૪૪ પોઝિટિવ દર્દીઓ પૈકી ના ૨૬ દર્દીઓ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરીને આવેલા છે, જ્યારે અન્ય ૧૮ દર્દીઓ પૈકીના ૧૬ દર્દીઓ એવા છે જે આ આંતરરાષ્ટ્રીય મુસાફરોના સીધા સંપર્કમાં આવ્યા હોય. બે દર્દીઓ એવા છે જેમણે આંતરરાજ્ય મુસાફરી કરી હતી. આ વ્યક્તિઓ સાથે સીધા સંપર્કમાં આવેલા તમામ લોકોની પણ કાળજી લેવામાં આવી રહી છે. આવા લોકો એટલે કે ક્વૉરેન્ટાઈન વ્યક્તિઓને ૧૪ દિવસના ક્વૉરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ચુસ્તપણે ક્વૉરેન્ટાઈનનું કડક પાલન થાય તેવા પ્રયત્નો કરે છે. ગુજરાતમાં ૨૦,૧૦૩ લોકોને ૧૪ દિવસના ક્વૉરેન્ટાઈનમાં મુકવામાં આવ્યા છે. આ પૈકીના ૫૭૫ લોકો સરકારી ક્વૉરેન્ટાઈનમાં અને ૧૯,૩૭૭ લોકો હૉમ ક્વૉરેન્ટાઈનમાં મુકવામાં આવ્યા છે. અમુક લોકો હૉમ ક્વૉરેન્ટાઈનનો ભંગ કરે છે એવા ૨૩૬ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે.

## ગઝલ

ધરતી ધ્રૂજી સો વાર પણ માન્યા નહીં
આવ્યો છે માને તાવ પણ માન્યા નહીં
ચોખા ને મગની વારતા રહી વારતા
ચકલી થઈ ગુમનામ પણ માન્યા નહીં
ક્યારેક અહીં વૈભવ હતો ષટઋતુનો
ત્રણમાંય ક્યાં સમભાવ ? પણ માન્યા નહીં
નવસેનવાણું નીર વહેતા તાનમાં
ત્યાં રેતનો રણકાર, પણ માન્યા નહીં
હિમની શીલા પીગળી રહી પૂરપાટ ને
સમદર ચડ્યાં ઉફાન,પણ માન્યા નહીં
તું પણ જીવે, હું પણ જીવું , કહેતા જીવો
બુંગિયો વગાડી કાન, પણ માન્યા નહીં

- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'




વિશ્વમાં અત્યારે કોરોના વાયરસના કારણે જયા થી લોકડાઉન જાહેર કરવામાં આવ્યુ છે આવા સમયે માનવતા સાથે સમાજના જરૂરિયાત મંદ લોકો માટે સર્વોદય યુથ વેલફેર અને માંગલ્ય ફાઉન્ડેશન દ્વારા ફૂડ પેકેટ તૈયાર કરી વિવિધ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યું

# બ્રહ્માકુમારીઝના વડા દાદી જાનકીજીનું દેહાવસાન



ગાંધીનગર, તા.૨૭

મહિલાઓ દ્વારા સંચાલિત દુનિયાની સૌથી મોટી આધ્યાત્મિક સંસ્થા બ્રહ્માકુમારીઝની મુખ્ય પ્રશાસિકા તથા સ્વચ્છ ભારત મિશનના બ્રાન્ડ એમ્બેસેડર રાજયોગિની દાદી જાનકીજીનું ૧૦૪ વર્ષની ઉંમરે દેહાવસાન થયેલ છે. માઉન્ટ આબુની ગ્લોબલ હોસ્પિટલમાં ૨૭ માર્ચે શુક્રવાર સવારે ૨.૦૦ વાગે તેમણે અંતિમ શ્વાસ લીધેલ. તેમને છેલ્લા બે મહિનાથી શ્વાસ અને પેટની તકલીફ હતી જેની સારવાર ચાલુ હતી. તેમના અંતિમ સંસ્કાર બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય શાંતિવનમાં કોન્ફરન્સ હોલ સામેના ગ્રાઉન્ડમાં આજે બપોરે ૩.૩૦ વાગે થશે

નારીશકિતની પ્રેરણાસ્ત્રોત રાજયોગની દાદી જાનકીનો જન્મ ૧, જાન્યુઆરી, ૧૯૧૬ માં હૈદરાબાદ સિંધમાં થયો હતો. તેમણે ૨૧ વર્ષની ઉંમરે જ બ્રહ્માકુમારી સંસ્થાના આધ્યાત્મિક પથનો સ્વીકાર કરેલ અને પૂર્ણ રૂપથી સમર્પણ થઈ ગઈ હતી.

આધ્યાત્મિક ઉડાનની શિખરે પહોંચેલ દાદી જાનકીજી એ માત્ર ૪ ધોરણ સુધી જ અભ્યાસ કરેલ.પરંતુ આધ્યાત્મિક આભાથી ભરપૂર ભારતીય દર્શન, રાજયોગ અને માનવીય મૂલ્યોની સ્થાપના માટે ૧૯૭૦માં તેઓ પશ્ચિમી દેશોમાં ગયા.દુનિયાના ૧૪૦ દેશોમાં માનવીય મૂલ્યોના બીજારોપણ રૂપી હજ્જારો સેવાકેન્દ્રોની સ્થાપના કરી લાખો લોકોને એક નવી જિંદગી આપેલ. રાજયોગિની દાદી જાનકી એ આખા વિશ્વમાં મન અને આત્માની સ્વચ્છતાની સાથે સાથે બાહરની સ્વચ્છતા માટે પણ ઉમદા કાર્ય કરેલ.જેના કારણે ભારત સરકારે તેમને સ્વચ્છ ભારત મિશનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવેલ. દાદી જાનકીના દેહાવસાનના સમાચાર સાંભળી આ સંસ્થાના દેશ વિદેશના અનુયાયીઓએ શ્રદ્ધા સુમન અર્પણ કરવા યોગ સાધના પ્રારભ કરી દીધેલ છે. તેમના પાર્થિવ દેહને માઉન્ટ આબુથી આબુરોડ શાંતિવન લાવવામાં આવશે અને ભાવભીની શ્રદ્ધાંજલિ પશ્ચાત પાંચ તત્વોમાં વિલીન થઈ જશે.

## બ્રહ્માકુમારીઝના વડા રાજયોગિની દાદી જાનકીજીને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ સંસ્થાના વડા રાજયોગિની દાદી જાનકીજીના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે.

વિજયભાઈ રૂપાણીએ સદગતને શ્રદ્ધાંજલી પાઠવતાં સમગ્ર બ્રહ્માકુમારીઝ પરિવારની આ વિપદાની ઘડીએ પોતાની સંવેદનાઓ વ્યકત કરી છે.

## જન્મદિને વધામણી



**પી કે લહેરી**
પૂર્વ મુખ્ય સચિવ,
પૂર્વ ચેરમેન અને એમ.ડી.
સરદાર સરોવર નર્મદા નિગમ
મો. ૯૮૨૪૦ ૮૩૯૬૯




**ગોપાલભાઈ સોમાભાઈ પટેલ**
મો. ૯૪૨૬૩ ૧૭૬૭૩



**ગૌરાંગ પી શર્મા**
મો. ૯૦૩૩૬ ૧૨૦૩૬



**પાર્થરાજ પી શ્રીમાળી**
મો. ૯૬૮૭૮ ૦૯૪૬૮



**એમ. સી. નાયર**
નિવૃત્ત સનદી અધિકારી
અને પૂર્વ કલેક્ટર
ગાંધીનગર
મો. : ૯૪૨૭૩૧૦૮૮૬

# ધોરણ-૧૨ પછી એરફોર્સમાં જોડાવા માટે એન.ડી.એ સિવાય બીજી કઈ પરીક્ષા આપી શકાય?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧. મે આ વર્ષે જ ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા આપેલ છે.ધોરણ ૧૨ પછી એરફોર્સ માં જોડાવા માટે એન.ડી.એ સિવાય બીજી કઈ પરીક્ષા આપી શકાય છે?માહિતી આપશો.**

**- સિદ્ધાર્થ શાહ, જુનાગઢ**

સૌપ્રથમ તો આપને ધન્યવાદ કે આપે હજુ ધોરણ ૧૨ પાસ કરેલ છે અને આપ આપના ભવિષ્ય વિશે વિચારી રહ્યા છો.એમાં પણ આપ સંરક્ષણ ક્ષેત્રે જવા માંગો છો જે ખૂબ સારી વાત છે.ધોરણ ૧૨ પછી આપ ચોક્કસ એરફોર્સ માં જોડાઈ શકો છો.એ માટે આપ એરમેન તરીકે જોડાઈ શકો છો જેના માટે એરમેનની પરીક્ષા આપવાની હોય છે.જેમાં ગ્રૂપ એક્સ અને વાય એમ બે અલગ અલગ ગ્રૂપ માં આપ અરજી કરી શકો છો.આપણે જણાવી દઈએ કે ગ્રૂપ એક્સ એટ્લે ટેકનિકલ ક્ષેત્ર અને વાય



એટલે નોન ટેકનિકલ ક્ષેત્ર.એટ્લે કે જે વિધ્યાર્થીઓ એ એમનું ધો.૧૨ ફિઝીક્સ અને કેમેસ્ટ્રી અને ગણિત જેવા વિષય ઓછા માં ઓછા ૫૦ ટકા સાથે અને અંગ્રેજી પણ ૫૦ ટકા સાથે પાસ કરેલ છે એ વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે લાયક ઠરે છે. ગ્રૂપ વાય એટ્લે નોનટેકનિકલ ક્ષેત્ર એટ્લે કે જે વિધ્યાર્થીઓ એ એમનું ધો.૧૨ (૧૦+૨) ૫૦ ટકા સાથે અને અંગ્રેજી વિષય પણ ઓછા માં ઓછા ૫૦ ટકા સાથે પાસ કરેલ છે એ વિધ્યાર્થીઓ ગ્રૂપ વાય ની પરીક્ષા માટે લાયક ઠરે છે.અને આ પરીક્ષા માટે ઉમર પણ બાધિત છે જે ૨૧ વર્ષ(૧૯ જૂલાઈ ૧૯૯૯ થી ૧ જૂલાઈ ૨૦૦૩) છે.આ પરીક્ષા બે ચરણો માં લેવામાં આવે છે.પ્રથમ ચરણ માં ગ્રૂપ વાય માટે વાત કરીએ તો અંગ્રેજી ના ૨૦ માર્કસ અને રીઝનિંગ – જનરલ અવેરનેસ ના થઈ ને ૩૦ એમ કુલ ૫૦ માર્કસ નું પેપર આવે છે જેના માટે આપણે ૪૫ મિનિટ આપવામાં આવશે.એ ઉત્તીર્ણ કર્યા બાદ બીજા ચરણ માં ફિઝિકલ જેમાં આપની ઊંચાઈ ,વજન જેવી શારીરિક બાબતો અને દોડ અને પુશ-અપ્સ થકી ફિટનેસ ચેક કરવામાં આવે છે.અને આપણે એ પણ જણાવી દઈએ કે આ ફોર્મ ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ ૧૫ જૂલાઈ છે.તો જો આપને આ ફોર્મ ભરવાનું બાકી હોય તો આપ આ ફોર્મ આજે જ ભરવું હિતાવહ છે.આ પરીક્ષા ની સંભવિત તારીખ ૨૪ સપ્ટેમ્બર છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. મે બી.કોમ પૂરું કરેલ છે. મારે એલ.એલ.બી કરવાની ઈચ્છા છે.શું હું કરી શકું?**

**- માધુરી ઝા, ગાંધીનગર**

જી આપ કરી શકો છો કે નહીં એ જણવા માટે આપે સૌપ્રથમ એલ.એલ.બી માં એડમિશન લેવા માટેની શૈક્ષણિક લાયકાત નો ખ્યાલ હોવો જરૂરી છે.ગુજરાત




યુનિવર્સિટી હેઠળ ચાલતી એકાધિક કોલેજ માં આપ એડમિશન લઈ શકો છો.એ માટે ની લાયકાત આ મૂજબ છે.સૌપ્રથમ તો આપે માન્ય યુનિવર્સિટી માંથી આપનો સ્નાતક કક્ષા નો અભ્યાસ ઓછા માં ઓછા ૪૫% માર્કસ સાથે પૂર્ણ કરેલ હોવો જોઈએ.જો આપ અનુ.જાતિ(એસ.સી) અથવા અનુ. જનજાતિ(એસ.ટી) માં આવતા હોય તો આપને ૫ ટકા અને જો એસ.ઈ.બી.સી માં આવતા હોય તો ૩ ટકા સુધી ની રાહત મળી રહે છે.ઉમર ની વાત કરીએ તો એલ.એલ.બી માં એડમિશન લેવા માટે મહત્તમ ઉમર તા.૧ જૂન ૨૦૧૯ ને આધાર રાખી ૩૦ વર્ષ નક્કી કરેલ છે.આમાં પણ આપ જો અનુ. જાતિ અને જનજાતિ ના વિદ્યાર્થીઓ માટે ૫ વર્ષ સુધી ની રાહત આપવામાં આવેલ છે.અને જો આપે આપનું ગ્રેજ્યુએશન ગુજરાત યુનિવર્સિટી માંથી પાસ કરેલ નથી તો આપે યુનિવર્સિટી તરફ થી પી.ઈ.સી(પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ) પ્રાપ્ત કરવાનું રહેશે.આમ આપ જો ઉપયુક્ત લાયકાત ધરાવો છો તો આપ ચોક્કસ એલ.એલ.બી માં એડમિશન લઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું હાલ ગવરમેન્ટ જોબની તૈયારી કરું છુ. હાલ થોડા દિવસો માટે ક્લાસીસ અને લાઈબ્રેરી પણ બંધ હોવાથી પરીક્ષા ની તૈયારી બરાબર થઈ શકતી નથી. તો એના માટે પોતાની જાતે (સેલ્ફ સ્ટડી) સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે કઇ રીતે કરી શકાય?**

**- હરપાલસિંહ જાદવ, ગાંધીનગર**

એ જાણી ને આનંદ થયો કે આપનો ધ્યેય નક્કી છે અને આપ ગવરમેન્ટ જૉબ મેળવવા ઈચ્છો છો. હવે આપ એ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પોતાની જાતે કરવા ઈચ્છો છો તેના મહત્વના મુદ્દા આપની સમક્ષ રજૂ કરીશું. સૌપ્રથમ તો આપની આપના ધ્યેય પ્રત્યે ગંભીરતા હોવી જરૂરી છે જે



તમને સફળ થવા માટે ચોક્કસ મદદરૂપ થશે. સામાન્ય રીતે આપ કોઈ ક્લાસીસમાં જોડાવો છો તો આપને જોઈતું વાતાવરણ મળી શકતું હોય છે. જો આપ સેલ્ફ સ્ટડી કરતાં હોવ તો આપની મેહનત સતત અને નિયમિત હોવી જોઇએ એટ્લે કે આપે જે તે વિષય માટે વાંચન નિયમિત રીતે કરવું જરૂરી છે. એ માટે આપે સૌથી પહેલા તો જે તે પરીક્ષા નો અભ્યાસક્રમ જોવો જરૂરી છે. તેમાં આપેલ વિષય અને એમના ગુણભાર પ્રમાણે ટાઈમ ટેબલ બનાવવું અને એ અનુરુપ રોજ વાંચન કરવું. અભ્યાસક્રમ માટે આપ જે તે પરીક્ષાની સત્તાવાર સૂચના ધ્વારા જાણી શકો છો અને એને અનુરુપ તૈયારી કરી શકો છો. આ દરેક પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને જગ્યાને અનુરુપ પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિતની વાત કરીએતો એ માટે આપ ને સૌપ્રથમ અમૂક ગણિતના સામાન્ય નિયમો જાણી લેવા જોઈએ અને અમૂક શોર્ટ-કટ આવડવા જરૂરી છે જે માટે આપ કોઈ સારા પૂસ્તક ની મદદ લઈ શકો છો. એ જ પ્રમાણે આપ અંગ્રેજી અને જનરલ નોલેજ માટે અંગ્રેજી ન્યૂઝપેપરનું નિયમિત વાંચન કરી શકો છો. એ સિવાય સામાન્ય જ્ઞાનમાં ભૂગોળ , ઈતિહાસ , બંધારણ, જાહેર વહીવટ જેવા વિષયનો સમાવેશ થાય છે અને તે માટે આપ જી.સી.ઈ.આર.ટી અથવા એન.સી.ઈ.આર.ટી ના ધો.૫ થી ૧૦ના પૂસ્તકનું વાંચન કરી શકો છો. આવું કરવાથી આપનો પાયો મજબૂત બનશે અને ત્યારબાદ બજારમાં ઉપ્લબ્ધ કોઈ સારા પૂસ્તકનું ચયન કરવુ જરૂરી છે. અહીં એક વાત જણાવવા માંગીએ છીએ કે "કોઈ એક જ વિષયના દસ અલગ-અલગ પુસ્તક વાંચવા કરતા એક જ પુસ્તક દસ વખત વાંચવુ વધુ યોગ્ય છે". એટ્લેકે કોઈ એક વિષયના બજારમાં ઉપ્લબ્ધ એકાધિક પુસ્તક કરતા એક જ યોગ્ય પૂસ્તકનું નિયમિત વાંચન કરવુ. એ સિવાય આપ અલગ-અલગ વિષયનું જ્ઞાન મેળવવા માટે ઈન્ટરનેટ અથવા યુ-ટ્યુબનો પણ ઉપયોગ કરી શકો છો. આમ આપ ગંભીરતાપૂર્વક નિયમિત અને સતત મેહનત કરીને કોઇ પણ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો.

શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner

# કોરોના એ કહ્યું આટલું કરો ના!

તમે ક્યારેય વિચાર્યુ હતું કે કોઈ દિવસ તમારે થૂંકવા પર પાંચસો રૂપિયા દંડ ભરવો પડશે. જોકે હાલ આવેલી ખબર પ્રમાણે આ દંડ હજાર રૂપિયા થઈ ગયો છે બૉસ!

હવે તમે કહેશો કે, તમને ખબર ના પડે બેન! અમે લોકો પાન, માવો ખાઈને મોઢામાં વાગોળીએ, પછી અમુક સમયના અંતરાલે એમાંથી જે મીઠો રસ ઝરતો હોય એને પિચકારી મારીને થૂંકવો પડે. એમ ના કરીએ તો એ રસ અમારા મોઢામાં સમાય નહીં અને ધીરે ધીરે હોઠની ધારેથી એ બહાર આવે. એનો લાલચટ્ટક રંગ જોઈને કોઈ કાચો પોચો માણસ બિવાઈ જાય. બાઈ માણસ અમને ભૂત ધારી લે અને અમે લોકો બીજાને એમ ગભરાવી ના શકીએ એટલે થૂંકવું તો પડે જ...

આવા લોકોને જવાબ આપવા જ સરકારે મારી



**લવ યુ જિંદગી**
**નિયતી કાપડીયા**

સિક્સર. સરકારે પાનના ગલ્લા જ બંધ રાખવા કહ્યું છે, ના રહેગા બાંસ ના બજેગી બાંસુરી! કોરોનાના રાજમાં પાન, માવા, મસાલાને કહો 'ના'...

કેટલાક હોશિયાર માણસો કહી રહ્યા છે કે દારૂ પીવો અને કોરોનાથી બચો. કોરોનાનો વાઈરસ આલ્કોહોલમાં મરી જાય છે તેથી ગુજરાત સરકાર બધાને દારૂ પીવાની છૂટ આપી દે અને ઘરે ઘરે બાટલી પહોંચાડે. હવે આવા લોકોને કહેવાનું કે આલ્કોહોલ હાથમાં હોય તો કોરોના મરે, પેટમાં હોય તો તમે મરો..! સેનિતાઈઝર હાથ સાફ કરવા વપરાય અને દારૂની બાટલી માણસ! ગુજરાતમાં દારૂ બંધી હતી, છે અને રહેશે. કોરોના જેવો ઘાતકી વાઈરસ જો આલ્કોહોલથી મરી જતો હોય તો તમે કયા ખેતરનો મૂળો છો?

પરિવારના બધા માણસો ઘરે હોય અને છતાં ક્યાંય બહાર ફરવા નહિ જવાનું, શોપિંગ કરવા નહિ જવાનું, હોટેલમાં ખાવા જવાની પણ મનાઈ અને બધાએ ફરજિયાત ઘરમાં બેસી રહેવાનું, આવું શક્ય બન્યું કોરોનાના રાજમાં. કુટુંબ સાથે સમય પસાર કરવાનો આનંદ ઉઠાવી લો...ફરી આવી તક ક્યારે મળે! કોરોના કહે છે તમારા કુટુંબીજનો સાથે હળીમળીને ઘરમાં રહો નહીં તો હું આવું છું!

ટૂંકમાં કેટલીક એવી જરૂરી બાબતો જે આપણે સામાન્ય પરિસ્થિતિમાં નહતા કરતા એ કોરોનાના ભયને લીધે કરી રહ્યાં છીએ!